# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 10-09-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : મંગળવાર

આકાશવાણી સમાચાર મિતલ પટેલ વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક સમસ્યાઓના પ્રાદેશિક ઉકેલ પર ભાર મૂક્યો
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પાંચ વર્ષમાં પાંચ હજાર સાઇબર સુરક્ષા કમાન્ડો તૈયાર કરવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવી
- ✓ દેશમાં ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનમાં મોટો ઉછાળો આવ્યો હોવાનું કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીનું નિવેદન
- ✓ રશિયાના વાયુદળે મૉસ્કો નજીકના વિસ્તારોમાં 144 જેટલા ડ્રોન નષ્ટ કર્યા
- ✓ અને પેરિસ પેરાલિમ્પિક રમતોમાં 29 ચંદ્રકો જીતનારા ભારતીય ખેલાડીઓનું ઉષ્માભેર સ્વાગત

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM RESEARCH SPEECH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક સમસ્યાઓના પ્રાદેશિક ઉકેલ પર ભાર મૂક્યો છે. પ્રધાનમંત્રીએ આજે નવી દિલ્હીમા નવ નિર્મિત અનુસંધાન રાષ્ટ્રીય સંસોધન ફાઉન્ડેશનની પ્રથમ બોર્ડ બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠક દરમિયાન પ્રધાનમંત્રીએ સંશોધન ક્ષેત્રે અવરોધ બની રહેલા પડકારોની ઓળખ કરવાની વાત કરી. વધુમાં તેમણે આ પડકારોને દૂર કરવા માટે પગલા લેવા અને સંસોધન ક્ષેત્રની વર્તમાન સમસ્યાઓના ઉકેલ પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ સંશોધન અને વિકાસની પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે જે તે ક્ષેત્રના નિષ્ણાતોની યાદી અને એક ડેશબોર્ડ વિકસીત કરવાનું સૂચન કર્યું. તેમણે સંશોધન અને નવાચાર માટે સંસાધનોના ઉપયોગનું વૈજ્ઞાનિક નિરીક્ષણ કરવા ઉપર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું કે વૈજ્ઞાનિક સમુદાયને વિશ્વાસ હોવો જોઈએ કે તેમના પ્રયાસો માટે સંસાધનોની અછત નહી થાય.

## DAY. SHAH- I4C

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સાઇબર સુરક્ષાને રાષ્ટ્રીય સુરક્ષાનું મહત્વનું અંગ ગણાવ્યું છે. ભારતીય સાઇબર ગુનાખોરી સંકલન કેન્દ્ર (I4C) ના પ્રથમ સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે સંબોધન કરતા તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર સાઇબર ગુનાઓ સામે લડવા માટે પાંચ હજાર જેટલા સાઇબર કમાન્ડો તૈયાર કરશે.

(બાઇટ – AMIT-SHAH-NEW-COMMANDOS.mp3)

શ્રી શાહે જણાવ્યું કે સાઇબર સુરક્ષા વિના દેશના વિકાસની કલ્પના મુશ્કેલ છે. તેમણે સાઇબર સુરક્ષા સામેની લડ઼ાઈમાં તમામ હિત ધારકોને એક સાથે આવવા માટે અપીલ કરી.

વિવિધ ક્ષેત્રોમાં ઇન્ટરનેટના વધતા ઉપયોગ વિશે વાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું કે દેશમાં ડિજીટલ ટ્રાન્ઝેક્શન અને ડિજીટલ ડેટાનો ઉપયોગ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જેથી સાઇબર સુરક્ષાને લઈને નાગરિકોની જવાબદારી પણ વધી છે.

વધુમાં શ્રી શાહે જણાવ્યું કે, હાલમાં અમલી બનેલા નવા ત્રણ ફોજદારી કાયદાઓમાં સાઇબર ગુનાખોરીના પડકારોનો સામનો કરવા માટેની જોગવાઈઓ સામેલ છે. વધુમાં તેમણે રાષ્ટ્રીય સ્તરે સાઇબર ગુનાખોરોની રજીસ્ટ્રી બનાવવા અંગેની વાત પણ કહી.

(બાઇટ 2 – AMIT-SHAH-ON-NATIONAL-SUSPECT-REGISTRY.mp3)

શ્રી શાહે જણાવ્યું કે સાઇબર ગુનાખોરી સંકલન કેન્દ્ર સાઇબર સુરક્ષા વિશે લોકોમાં જગૃતતા આવે એ માટે રાષ્ટ્રીય અભિયાન હાથ ધરશે, તેમણે દરેક રાજ્ય સરકારોને તેમાં જોડાવવા માટે અપીલ પણ કરી હતી.

## GADKARI-EV

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ કહ્યું છે કે દેશમાં ઇલેક્ટ્રિક વાહનોના  વિકાસમાં મોટો ઉછાળો આવ્યો છે અને 2030 સુધીમાં તેનું વાર્ષિક વેચાણ વધીને 1 કરોડ રૂપિયાને પાર થવાની શક્યતા છે. વધુમાં તેમણે જણાવ્યું કે ઇલેક્ટ્રિક વાહનોમાં ઉત્પાદનમાં વધારો થતા પાંચ કરોડ રોજગાર ઉભા થશે.

ભારતીય ઓટોમોબાઇલ ઉત્પાદન સમુદાયના 64માં વાર્ષિક સંમેલનને સંબોધન કરતા શ્રી ગડકરીએ જણાવ્યું કે, દેશમાં હાલમાં નોંધાયેલા ઈવીની સંખ્યા 30 લાખની આસપાસ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે વર્ષ 2023 – 24માં ચાર ચક્રી ઈવીના વેચાણમાં 45 ટકા, જ્યારે દ્વી ચક્રી ઈવીના વેચાણમાં 56 ટકાનો વધારો થયો છે. તેમણે જણાવ્યું કે હાલના સમયમાં દેશના 400 જેટલા સ્ટાર્ટઅપ્સ દ્વી-ચક્રી ઈવીનું ઉત્પાદન કરી રહ્યા છે.

મંત્રીએ ઓટોમોબાઈલ ઉદ્યોગને નવી સ્ક્રેપિંગ નીતિ હેઠળ જૂના વાહનોના નિકાલ માટે નવીન રીતો શોધવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દેશમાં ત્રણ કરોડ વાહનો નિકાલને આરે છે, જોકે આ માટે પૂરતાં સ્ક્રેપિંગ કેન્દ્રો નથી.

## HARDIP RAHUL GANDHI

ભારતીય જનતા પક્ષે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીના અમેરિકા પ્રવાસ દરમિયાન શીખ સમુદાય પર કરેલી કથિત ટિપ્પણી બાબતે તેમની ટીકા કરી છે. શ્રી ગાંધીએ કહ્યું હતું કે તેમની લડાઈ એ મુદ્દે છે કે ભારતમાં શીખ સમુદાયને  પાઘડી પહેરવાની મંજૂરી આપવી જોઈએ કે નહીં.

નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા ભાજપ નેતા અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ કોંગ્રેસ નેતાના નિવેદન અંગે વિરોધ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે જ્યારે કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે સમુદાય અસુરક્ષિત રહ્યો. વધુમાં શ્રી પુરીએ કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારે પાછલા દસ વર્ષોમાં શીખ સમુદાયની માંગણીઓ અને મુદ્દાઓ પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

## MAHARASHTRA-BJP COMMITTEE

ભાજપે મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને જોતા કાર્યકારી સમિતિની રચના કરી છે. આ સમિતિના અધ્યક્ષ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી રાવસાહેબ દાણવેએ જણાવ્યું કે, આ સમિતિમાં ત્રણ સહ-આયોજકો, વિવિધ સમિતિના અધ્યક્ષ, પૂર્વ અધિકારીઓ સામેલ છે. નીતિન ગડકરી, ચંદ્રશેખર બાવનકુલે, દેવેન્દ્ર ફડણવીસ, પિયૂષ ગોયેલ, વિનોદ તાવડે, આશિષ સેલાર, નારાયણ રાણે સહિત પાર્ટીના વિવિધ નેતાઓને આ સમિતિમાં સામેલ થવા માટે આમંત્રણ મોકલવામાં આવ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે આ સમિતિ રાષ્ટ્રીય અને રાજ્ય એમ બંને સ્તરે પક્ષને મજબૂત બનાવવા માટે કામ કરશે.

## AAP CANDIDATE

આમ આદમી પાર્ટીએ હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે નવ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પક્ષે પ્રવેશ મહેતાને ફરીદાબાદ વિધાનસભા બેઠક પરથી ટિકિટ આપી છે, જ્યારે મુખ્તિયાર સિંહ બાજીગરને રતિયા વિધાનસભા બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા છે. આમ આદમી પાર્ટીએ ગઈકાલે 20 ઉમેદવારોની યાદી જાહેર કરી હતી.

## BJP HARYANA LIST

ભાજપે હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે વધુ 21 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. આ યાદી અનુસાર યોગેશ બજરંગી ઝાલના બેઠક પરથી, જ્યારે ક્રિશ્ના ગેહલાવત રાઇ બેઠક પરથી ચૂંટણી લડશે. બિમલા ચૌધરી પટૌડી અને પ્રદીપ સંગવાન બરોડા બેઠક

પરથી, નસીમ અહેમદ ફિરોઝપુર ઝિરકા અને અરિઝ ખાન પુનાહાના વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...**

## RUSSIA UKRAINE UV

રશિયાની વાયુ સેનાએ રાજધાની મોસ્કો સહિત નવ જેટલા વિસ્તારોમાં 144 જેટલા ડ્રોન નષ્ટ કર્યાના અહેવાલ છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે યુક્રેનની સેનાએ રશિયાના વિવિધ સ્થાનોને નિશાન બનાવીને હુમલો કર્યો હતો.

વધુમાં આ નિવેદનમાં કહેવાયું છે કે, જે ડ્રોન તોડી પડાયા છે, તે મોસ્કો અને આસપાસના વિસ્તારોને નિશાન બનાવી રહ્યા હતા. રશિયન અધિકારીઓએ આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયાની પુષ્ટિ કરી છે. મોસ્કોના ચાર હવાઈ મથકોને છ કલાકથી વધુ સમય માટે બંધ કરાયા હતા, 500 જેટલી ફ્લાઇટના રૂટ બદલવામાં આવ્યા હતા.

તોડી પડાયેલા ડ્રોનના પરિણામ સ્વરૂપ મોસ્કો રિફાઇનરી અને મોસ્કોના પડોસી ટવર વિસ્તારમાં એક વીજળી એકમમાં આગ લાગી હતી.

## NAVY EXAM CANCELLED

ભારતીય નૌકાદળે તકનિકી અને વહીવટી કારણોસર નાગરિક પ્રવેશ પરીક્ષા રદ્દ કર્યાની જાહેરાત કરી છે. આ પરીક્ષા આજે સવારે યોજનાર હતી. ભારતીય નૌકાદળે એક નિવેદનમાં કહ્યું છે કે વિવિધ ગૃપ બી – એનજી અને ગૃપ - સી પદોની ભર્તી

માટેની ઓનલાઇન પરીક્ષા આ મહિનાની 14 તારીખ સુધી આયોજીત થનાર હતી, જોકે હવે આ પરીક્ષા માટેની નવી તારીખો જાહેર થશે.

## PARALYMPIC WELCOME

પેરિસમાં પૂર્ણ થયેલી પેરાલિમ્પિક રમતોમાં 29 ચંદ્રકો જીતનારા ભારતીય ખેલાડીઓ સ્વદેશ પરત ફર્યા છે. દિલ્હી આંતરરાષ્ટ્રીય વિમાન મથકે તેમનું ભવ્ય સ્વાગત કરાયું. મોટી સંખ્યામાં સમર્થકો અને ખેલાડીઓના પરિવારજનોએ ખેલાડીઓને આવકાર્યા હતા.

પેરા જેવલિન થ્રોઅર સમુત અંતિલે આ ઉષ્માભેર સ્વાગત માટે પ્રશંસકોનો આભાર માન્યો હતો.

## BENGALURU- MYSORE RADIO

આકાશવણીનું મૈસુર રેડિયો સ્ટેશન આજે તેનો 90મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. 10 સપ્ટેમ્બર, 1935ના રોજ મૈસૂરમાં દેશના પ્રથમ રેડિયો પ્રસારણ તરીકે મૈસૂર રેડિયો સ્ટેશનની શરૂઆત થઈ હતી. અહીંની મહારાજા કૉલેજના મનોવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક ડૉ. એમ. વી. ગોપાલ સ્વામીએ તેમના નિવાસ સ્થાને 30 વૉટનું ટ્રાન્સમિટર લગાવ્યું હતું. 1942માં મૈસુરના મહારાજાએ આ રેડિયો સ્ટેશન પોતાને હસ્તક લીધું હતું. ડૉ. ગોપાલ સ્વામી બાદ લેખક અને પત્રકાર નરાયણ કસ્તુરીએ આ રેડિયો સ્ટેશનનું સંચાલન કર્યું. 1 એપ્રિલ, 1950ના રોજ તત્કાલિન કેન્દ્ર સરકારે આ રેડિયો સ્ટેશનને પોતાને હસ્તક લઈ ઑલ ઇન્ડિયા રેડિયો નેટવર્કમાં સામેલ કર્યું હતું.

## PM KISAN SAMRUDDHI YOJANA

કેન્દ્રીય મત્સ્ય પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ આવતીકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી મત્સ્ય કિસાન સમૃદ્ધિ સહ-યોજનાનો પ્રારંભ કરાવશે. તેઓ મત્સ્ય ક્ષેત્રના ઉત્પાદન અને પ્રસંસ્કરણ કલ્સ્ટરોના પ્રમાણભૂત સંચાલનની પ્રક્રિયાનો પ્રારંભ

પણ કરાવશે. આ પ્રસંગે વર્ષ 2024- 2025 દરમિયાનની પ્રધાનમંત્રી મતસ્ય સંપદા યોજના અંતર્ગત રાષ્ટ્રીય પ્રાથમિકતા યોજના વિશે પણ માહિતી આપવામાં આવશે.